# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 06-09-2024** **Evening : 7.10 to 7.20**
**Day : Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રીટા દવે** વાંચે છે.

---

- **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રાજ્યમાં વરસાદી પાણીના સંગ્રહ માટેની જળ સંચય જન ભાગીદારી પહેલનો સુરતમાં પ્રારંભ કરાવ્યો..**
- **રાજ્ય સરકારે જાહેર સલામતીને ધ્યાનમાં લઈને ગેમીંગ પ્રવૃત્તિ માટેનાં સ્થળો અંગે નવા નિયમો જાહેર કર્યા..**
- **રાજ્યનીશાળાઓમાં શિક્ષકોની ભરતી પ્રક્રિયા માટેની તારીખો જાહેર કરાઇ.**
- **પ્રધાનમંત્રીએ શિક્ષકોને માતૃભાષામાં શિક્ષણ આપી વિદ્યાર્થીઓને દેશના ભાતીગળ લોકસાહિત્યથી પરિચીત કરાવવાનો આગ્રહ કર્યો..**
- **અમદાવાદમાંથી અંદાજે 200 કિલોનો ગાંજો અને ડ્રગ્સ તથા ભૂજમાંથી 11 કિલો શંકાસ્પદ નાર્કોટીક્સ ડ્રગ્સ જપ્ત કરાયું..**
- **વિશ્વવિખ્યાત તરણેતરના લોકમેળાનો આજથી પ્રારંભ..**

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# PM- JAL SANCHAY

રાજ્યમાં વરસાદી પાણીના સંગ્રહ માટેના ખાસ 24 હજાર 800 સ્થળો વિકસાવવાના “જળ સંચય જન ભાગીદારી” પહેલનો આજથી આરંભ થયો છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સુરતમાં યોજાયેલા રાજ્યકક્ષાના જન ભાગીદારી પહેલના કાર્યક્રમમાં વર્ચુઅલી સંબોધન કરતાં જણાવ્યું કે, જળ સંચય એ માત્ર નીતિ વિષયક મુદ્દો નથી પણ સામાજિક જવાબદારી છે. શ્રી મોદીએ આપણી આગામી પેઢીઓ માટે સાતત્યપૂર્ણ ભાવિ સુનિશ્ચિત કરવા આ કામગીરીમાં જન ભાગીદારી પર ભાર મૂક્યો હતો.

તેમણે જણાવ્યું કે, આપણી ભાવિ પેઢીઓ પાણી પ્રત્યેના આપણા અભિગમના માપદંડના આધારે આપણું મૂલ્યાંકન કરશે. તેમણે જણાવ્યું કે, પાણી એ માનવતાના ભાવિનું જીવન છે. જળસંચય માટે તેમની સરકારે કરેલા કાર્યોનો તેમણે ઉલ્લેખ કર્યો..

## (બાઇટ- પ્રધાનમંત્રી)

પ્રધાનમંત્રીએ ભવિષ્યમાં પાણીની સંભવિત ઘટની સમસ્યા રોકવા નવા અભિગમ સાથે ટેક્નોલોજીના મહત્તમ ઉપયોગ પર ભાર મૂક્યો હતો. આ પ્રસંગે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે, કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી. આર. પાટીલ સાથે રાજ્યવ્યાપી આ પહેલનો પ્રારંભ કરાવતાં વધુમાં આ મુજબ જણાવ્યું..

## (બાઇટ- સીએમ)

અમારા સુરતના પ્રતિનિધી લોપા દરબાર જણાવે છે કે, મુખ્યમંત્રી અને અન્ય મહાનુભાવોએ જળસંગ્રહ માટે ગુજરાત સરકાર દ્વારા અમલમાં મૂકાયેલી સરદાર સરોવર તથા સૌની યોજના સહિતની વિવિધ યોજનાઓ અને પહેલોની માહિતી આપી હતી.

# GUJ.Gaming Activity

રાજ્ય સરકારે ગુજરાતમાં સ્વતંત્ર અથવા વ્યવસાયિક સંકુલોમાં આવેલા ગેમીંગ એક્ટિવિટી એરિયા એટલે કે, કોમ્પ્યુટર આધારિત રમતોના સ્થળો માટે નવા નિયમોની જાહેરાત કરી છે.

તાજેતરમાં રાજકોટ ટી.આર.પી. ગેમ ઝોન અગ્નિકાંડને પગલે રાજ્યમાં જાહેર સલામતી અને જાહેર હિતને ધ્યાને લઈને આ નિર્ણય લીધો છે. નવા નિયમોમાં ગેમીંગ એક્ટિવિટી માટેના પ્લોટમાં અલગ અલગ પ્રવેશ અને નિકાસ, તાકીદની પરિસ્થિતીમાં બહાર નીકળવાનો માર્ગ અને સલામત આશરો લઇ શકાય તેવુ સ્થળ તૈયાર કરવા જેવી જોગવાઇઓ કરવામાં આવી છે. ગેમીંગ ઝોનના સ્થળે ઇમારતના ઉપયોગ માટેનું, અગ્નિશામક દળ પાસેથી ના વાંધા પ્રમાણપત્ર તથા અન્ય તમામ લાયસન્સ, NOC, પરમિટ વગેરે લોકો સરળતાથી જોઇ શકે તે રીતે પ્રદર્શિત કરવાના રહેશે..

આ ઉપરાંત, સંબંધિત સ્થળોના રસ્તાની પહોળાઈ, લઘુત્તમ વિસ્તાર, બાંધકામની ઊંચાઈ, પાર્કિંગ, સલામતીના ઉપાયોનો પણ સમાવેશ થાય છે. પરવાનગી વિના વપરાશ શરૂ કર્યો હોય તેના માટે દંડ લેવાની જોગવાઇ પણ નવા નિયમોમાં કરવામાં આવી છે.

# Teachers Recruitment

રાજ્ય સરકારે શાળાઓમાં શિક્ષકોની ભરતી પ્રક્રિયા માટેની તારીખો જાહેર કરી છે. શિક્ષકોની ભરતી પસંદગી સમિતિના જણાવ્યા અનુસાર, બિનસરકારી અનુદાનિત ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સહાયકની ભરતી માટેની જાહેરાત, ૨૫ સપ્ટેમ્બરનાં રોજ તેમજ બિનસરકારી અનુદાનિત

માધ્યમિક શિક્ષણ સહાયકની ભરતી માટેની જાહેરાત, ૧૦ ઓક્ટોબરનાં રોજ પ્રસિદ્ધ કરવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે, રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા આચાર્ય, જૂના શિક્ષક અને શિક્ષણ સહાયકની ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવી રહી છે, જે અંતર્ગત ૧ ઓગસ્ટના રોજ આચાર્ય તેમજ ૧ સપ્ટેમ્બરનાં રોજ અંદાજિત ૪ હજાર જેટલા જૂના શિક્ષકો માટે ભરતીની જાહેરાત પ્રસિદ્ધ કરવામાં આવી છે.

# PRIME MINISTER - TEACHERS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દેશના વિદ્યાર્થીઓ ભારતના વિવિધતાપૂર્ણ સંસ્કૃતિ અને સાહિત્યનો પરિચય મેળવી શકે તે હેતુથી શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવા શિક્ષકોને અનુરોધ કર્યો છે.

નવી દિલ્હીમાં પોતાના નિવાસસ્થાને રાષ્ટ્રીય શિક્ષણ પુરસ્કાર મેળવનાર શિક્ષકો સાથેના સંવાદમાં તેમણે માતૃભાષામાં શિક્ષણ આપવાનું અને વિદ્યાર્થીઓને દેશના ભાતીગળ લોકસાહિત્યથી પરિચીત કરાવવાનું મહત્વ સમજાવ્યું હતું. તેમણે કહ્યું કે, શૈક્ષણિક પ્રવાસોના કારણે વિદ્યાર્થીઓ દેશની સાંસ્કૃતિક વિવિધતાઓનો પરિચય મેળવશે. સાથે સાથે આ પગલું દેશના પ્રવાસન ક્ષેત્રને નવું બળ આપશે.

પ્રધાનમંત્રીએ પુરસ્કાર વિજેતા શિક્ષકોને સોશિયલ મિડિયાના માધ્યમથી એકબીજા સાથે શિક્ષણની પદ્ધતિઓ અંગે ચર્ચા કરવાનો અને પોતાના અનુભવોનું આદાન પ્રદાન કરવાનો અનુરોધ કર્યો હતો.

પ્રધાનમંત્રીએ પુરસ્કાર વિજેતા શિક્ષકોની શિક્ષણ માટેની સમર્પિતતાને બિરદાવી હતી.

# CB- GANJO/ DRUGS

અમદાવાદ ક્રાઇમ બ્રાંચ દ્વારા શહેરના વટવા જીઆઇડીસીમાંથી અંદાજે 200 કિલોનો ગાંજો અને ડ્રગ્સનો જથ્થો પકડી પડાયો છે.

અગાઉ મળેલી બાતમીના આધારે, ઓડિશાથી આવતી શંકાસ્પદ ટ્રકની તપાસ કરાતાં તેમાંથી વિપુલ માત્રામાં એમડી ડ્રગ્સ તેમજ ગાંજો મળી આવ્યો હતો. ક્રાઇમ બ્રાંચે ઉપયોગમાં લેવાયેલ ટ્રક, મુદ્દામાલ તેમજ મોબાઇલ ફોન કબ્જે કરી સાત આરોપીઓની ધરપકડ કરી આ દિશામાં વધુ તપાસ હાથ ધરી છે. આ અંગે વધુ માહિતી આપી રહ્યા છે અમદાવાદ ક્રાઇમ બ્રાંચના એસીપી ભરત પટેલ...

## (બાઇટ- ભરત પટેલ)

# BSF- DRUGS

બીજી તરફ, સરહદ સલામતી દળ-બીએસએફે ભુજમાં જખૌ કાંઠા પાસેથી શંકાસ્પદ નાર્કોટિક્સનાં 11 પેકેટ જપ્ત કર્યા છે, જેનું વજન આશરે 11 કિલો છે. જુન, 2024થી બીએસએફે જખૌ દરિયાકાંઠેથી શંકાસ્પદ ડ્રગ્સના 261 પેકેટ જપ્ત કર્યા છે.

# E KYC Ration

અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ દ્વારા રેશનકાર્ડ ધરાવતા લાભાર્થીઓને e-KYC કરાવવા અનુરોધ કરવામાં આવ્યો છે. રાજ્યમાં અત્યાર સુધીમાં ૨૬ લાખ રેશનકાર્ડનાં ૭૮ લાખ લાભાર્થીઓની e-

KYC વેરીફીકેશન પ્રક્રિયા સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવી છે. જ્યારે, બાકીના રેશનકાર્ડ લાભાર્થીઓની e-KYC પ્રક્રિયા વહેલી તકે પૂર્ણ કરવાનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે.

રેશનકાર્ડ ધારકો હવે સરળતાથી ઘરેબેઠાં 'MY RATION' મોબાઈલ એપ્લિકેશન થકી e-KYC કરી શકે છે. આ ઉપરાંત તાલુકા કક્ષાએ મામલતદાર- ઝોનલ કચેરીમાં, ગ્રામીણ સ્તરે ઈ-ગ્રામ કેન્દ્રમાં V.C.E દ્વારા 'આધાર' આધારિત બાયો-મેટ્રિક પ્રમાણીકરણ તેમજ 'PDS+' મોબાઈલ એપ્લિકેશનનો ઉપયોગ કરીને 'આધાર' આધારિત 'ફેસ ઓથેન્ટિકેશન' દ્વારા e-KYC કરાવી શકે છે.

# LOK MELO

વિશ્વવિખ્યાત તરણેતરના લોકમેળાનો આજથી પ્રારંભ થયો છે. સુરેન્દ્રનગર જિલ્લાના તરણેતર ગામમાં ત્રિનેત્રેશ્વર મહાદેવ મંદિરમાં વિધિવત પૂજન બાદ "૧૯મી ગ્રામીણ ઓલિમ્પિક સ્પર્ધા"નો શુભારંભ કરવામાં આવ્યો. પ્રથમ દિવસે વરસાદી વાતાવરણની વચ્ચે લંગડી, ગોળા ફેંક, લાંબી કૂદ સહિતની વિવિધ સ્પર્ધાઓમાં સ્પર્ધકોએ હોંશભેર ભાગ લીધો હતો.

તરણેતરના મેળામાં પહેલીવાર ગ્રામીણ પરંપરાગત સાંસ્કૃતિક સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું છે. લોક કલા અને કલાકારોને પ્રોત્સાહન આપવા માટે વેશભૂષા, છત્રીની સજાવટ, પરંપરાગત ભરતકામ, લોકગીત, લોકવાર્તા, ભજન, દુહા-છંદ સહિતની 24 વિવિધ પરંપરાગત સ્પર્ધાઓ યોજાશે.

આ લોકમેળામાં ત્રણ દિવસીય પશુ પ્રદર્શન હરીફાઈ પણ યોજાશે. આ મેળાના ઉદઘાટન સમારંભમાં જીલ્લા કલેક્ટર, ચોટીલાના ધારાસભ્ય સહિતના અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

બીજી તરફ, દ્વારકા જિલ્લાના મુખ્યમથક ખંભાળિયા ખાતે આજથી મિનિ તરણેતર તરીકે જાણીતા શિરેશ્વર લોક મેળાનો પણ પ્રારંભ થયો છે. અમારા દ્વારકા જિલ્લાના પ્રતિનિધી જણાવે છે કે, ખંભાળિયા શહેર નજીકના શક્તિનગર ગ્રામ પંચાયત ખાતે નવ સપ્ટેમ્બર સુધી ચાલનારા આ મેળાનું ઉદઘાટન રાજ્યના મંત્રી મુળુભાઇ બેરા અને સાંસદ પુનમબેન માડમે કર્યું હતું.

## WEATHER+ DAM

છેલ્લાં બે દિવસથી રાજ્યમાં વરસાદનું જોર ઘટ્યું છે. આજે સવારે છ વાગ્યાથી સાંજના છ વાગ્યા સુધી ૧૬ તાલુકામાં હળવોથી મધ્યમ વરસાદ પડ્યો છે. સૌથી વધુ ત્રણ ઇંચ વરસાદ ગાંધીનગરના માણસા અને દહેગામ તાલુકામાં પડ્યો છે. ખેડા જિલ્લાના કપડવંજ તાલુકામાં બે ઇંચ વરસાદ પડ્યો છે.

દરમિયાન, હવામાન વિભાગે આજે બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, ભરૂચ, વડોદરા અને ભાવનગર તથા આવતીકાલે સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં છુટાછવાયા વિસ્તારોમાં ભારે વરસાદની આગાહી વ્યક્ત કરી છે.

ઉપરવાસમાં થયેલા વરસાદને કારણે રાજકોટ જિલ્લાના ડેમ ઓવરફ્લો થતાં હેઠવાસના ગામોને સાવચેત રહેવા સૂચના આપવામાં આવી છે.

જસદણ તાલુકા પાસેનો માલગઢ ડેમ હાલ ૯૦ ટકા ભરાઇ જતાં ગમે ત્યારે દરવાજા ખોલવામાં આવી શકે છે. આથી, ડેમની હેઠવાસમાં આવેલા ભડલી, બોટાદ તેમજ ભાવનગર જિલ્લાના નીચાણવાળા ગામોના લોકોને સાવચેત રહેવા તેમજ નદીના પટમાં અવરજવર નહિ કરવા જણાવાયું છે. ગોંડલ તાલુકા પાસે આવેલ ભાદર-૧ ડેમના ૫ દરવાજા, ધોરાજી તાલુકા પાસેનો ભાદર-૨ ડેમ ઓવરફ્લો થતાં ડેમના ૪ દરવાજા ખોલાતા નીચાણવાળા ગામોને સતર્ક રહેવા જણાવ્યું છે.

# CM/ RAJYPAL- BLESSING

રાજ્યપાલ આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આવતીકાલે ગણેશ ચતુર્થી અને સંવત્સરીના પર્વ નિમિત્તે નાગરિકોને શુભેચ્છાઓ પાઠવી છે.

રાજ્યપાલશ્રીએ શુભેચ્છા પાઠવતાં જણાવ્યું કે, સંવત્સરીનું પર્વ ક્ષમા, શાંતિ અને પ્રેમનો સંદેશ આપે છે. ગણેશ ચતુર્થીના પર્વની શુભેચ્છા પાઠવતાં તેમણે કહ્યું કે, ગણપતિ બાપ્પાના આગમનથી આપણા જીવનના દરેક સંકટનો અંત આવે અને નવા સર્જનની શરૂઆત થાય.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાત અને દેશ-વિદેશમાં વસતા સૌ જૈન પરિવારોને મિચ્છામી દુક્કડમ પાઠવ્યા છે.

તેમજ ભગવાન શ્રી ગણેશજીની ઉપાસનાના આ પર્વ માટે સુખ-સમૃદ્ધિ માટેની શુભેચ્છા વ્યક્ત કરી છે..

# NEWS IN BRIF

## અને હવે સાંભળીએ કેટલાક સમાચાર સંક્ષિપ્તમાં...

- દાદરા નગર હવેલીમાં “ગીર આદર્શ આજીવિકા યોજના” અંતર્ગત લાભાર્થી મહિલાઓને પશુપાલન-ડેરી ફાર્મિંગની તાલીમ આપવામાં આવી.

- પંચમહાલ જિલ્લામાં અનુસૂચિત જન જાતિના ૧૫ થી ૩૫ વર્ષના 100 યુવક-યુવતીઓ માટે 10 દિવસનો વન વિસ્તાર પરિભ્રમણ કાર્યક્રમ યોજાશે..
- અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન દ્વારા ગઈકાલે શિક્ષક દિવસ નિમિત્તે શ્રેષ્ઠ શિક્ષકોનું સન્માન કરવામાં આવ્યું.
- રાષ્ટ્રીય પોષણ માસની ઉજવણી અંતર્ગત ખેરાલુ તાલુકાના ડભાળ પ્રાથમિક શાળામાં T3 એનિમિયા સારવાર કેમ્પ યોજાયો.
- નર્મદા જિલ્લામાં ટીબી'ને હરાવવા તંત્ર સજ્જ - ૧૩૫ દર્દીઓને દત્તક લીધા : છ માસ સુધી પોષણકીટ ઉપલબ્ધ કરાવશે.
- રાજ્યભરમાં સૌભાગ્યવતી સ્ત્રીઓએ કેવડા ત્રીજનું વ્રત કરી પૂજન કર્યું..